| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૮/૦૬/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૯ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૭૮૦ લીટર દેશી દારૂ, ૧૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૮૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૯૪ બિયર ટીન, ૦૪ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૮૬/૨૦૨૩

**સેટેલાઇટઃ** અરૂણભાઈ ચંપકલાલ ચોક્સી (ઉ.વ.૭૧)(રહે,શીવરંજની સોસાયટી ગેટ નંબર-૦૨ સેટેલાઈટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી સોનાની બંગડીઓ નંગ-૨ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાના કાપ નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને ત્રણ હજાર રૂપિયાના સીક્કા ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** સંજયભાઇ લલીતભાઇ કોષ્ટી (ઉ.વ.૫૦)(રહે.હરિઓમ શિવશંકર સોસાયટી અંબિકા હોટલના ખાંચામાં હાટકેશ્વર અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૦૬/૨૦૨૩ ના કલાક ૩/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના મંદિરવાળા રૂમના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૯૫,૫૭૦/- મતાના ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૮૭/૨૦૨૩**

**પાલડીઃ** જયમીનભાઇ દિનેશભાઇ ત્રીવેદી (ઉ.વ.૩૬)(રહે.અવની એપાર્ટમેન્ટ જૈન મર્ચન્ટ સોસાયટી પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૩ સાંજના ૪/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન સુવિધા ચાર રસ્તા થી આર.કે. પાણીપુરી થી પાલડી અવની એપાર્ટમેન્ટ સુધીના રસ્તામાં જયમીનભાઇની નજર ચુકવી તેમની બલેનો ગાડીમાં મુકેલ બેગની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ બેગમાં લેનોવો કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૫,૦૦૦/-, રોકડ રૂપિયા ૫,૩૪૨૫૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૫,૩૯,૨૫૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુકલ ચલાવે છે.

**તેરમા માળેથી પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૮૮/૨૦૨૩**

**મણીનગરઃ** મણીનગર આવકાર હોલ પાસે, મહાદેવ લીલી, વંદે માતરમ ખાતે સેન્ટીંગનું કામ કરતા અને ત્યાંજ રહેતા વિજયકુમાર વેચન રવાની (ઉ.વ.૩૫)(મુળ વતનઃ કુસબંગલા મુંડા પેટી, હનુમાન મંદીર પાસે, પરાસીયા, જીલ્લો-ધનબાદ ઝારખંડ) તા.૧૭/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન વંદે માતરમ મહાદેવ લીલી, સી-બ્લોક ના તેરમાં માળે સેન્ટીંગનું કામકાજ કરતા હતા દરમ્યાન આકસ્મીક રીતે નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી છત્રસિંહ ફતેસિંહ ચલાવે છે.

**દિવાલ પડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૮૯/૨૦૨૩**

**કાલુપુરઃ** ધર્મેશભાઇ યોગેશકુમાર પઢીયાર (ઉ.વ.૩૪)(રહે.ઇન્ડીયા બુલ્સ ફ્લેટ હરીભાઇ ગોદાણી સર્કલ પાસે સરસપુર) તા.૧૭/૦૬/૨૦૨૩ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર સ્વામિનારાયણ મંદિર પાસે અંબે માતાનાં ચોક નવો વાસ ખાતે આવેલ જુનુ મકાન વરસાદનાં કારણે પડી જતા દિવાલનો કાટમાળ ધર્મેશભાઇને માથાનાં ભાગે વાગતાં ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૯૦/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મૌલીક નયનકુમાર પટેલ (ઉ.વ.૩૭)(રહે.સુરજબાગ સોસાયટી, ડી-કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નદીના પશ્ચિમ કિનારે મેટ્રોબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નં-૬ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**સાબરમતીઃ** સંજનાબહેન દિનેશભાઇ રાઠોડ (ઉ.વ.૨૧)(રહે.સરદારપટેલ નગર ગુ.હા.બોર્ડ ચેનપુર ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સાંજના ૭/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અરવિંદકુમાર માનાભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** નિકુંજભાઇ છગનભાઇ રાઠોડ (ઉ.વ.૩૨)(રહે.આંબેડકરનગર વેરા ઉપર ફાયર સ્ટેશન સામે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૩ બપોરના ૧૨/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રેણુકાબેન ઇશ્વરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી